યજ્ઞોપવિત - અમદાવાદ ખાતે કોરોનાની આચારસંહિતાના અનુપાલન સાથે ભૂદેવોએ જનોઈ બદલી હતી. વેદ મંત્રોચ્ચાર સાથે સૂર્યની આરાધના કરાય છે... અને જનોઈને સૂર્યની સાક્ષીએ ભૂદેવો ધારણ કરે છે.. શ્રાવણી પૂનમે જનોઈ બદલવાનો મહિમા બ્રાહ્મણ સમાજમાં ખૂબ મોટો હોય છે...

રક્ષાબંધન પર્વની અમદાવાદના બજારોમાં કોઈ ચમક દેખાઈ નહિ

કોરોના મહામારીનો બજાર પર જબરજસ્ત માર : જે બજારોમાં એક સમયે ઊભા રહેવાની જગ્યા ન હતી તેમાં વેપારીઓ ગ્રાહકોની રાહ જોઈને બેસી રહ્યા છે

અમદાવાદ, તા. ૩

સામાન્ય દિવસોમાં શ્રાવણ માસમાં શરુ થતા તહેવારોને લઈને બજારમાં બરોબર ભીડ જામતી હતી ત્યાં ચાલુ વર્ષે તહેવારોની કોઈ જ ખરીદી જોવા મળતી નથી. કાપડ બજાર હોય,; વાસણ બજાર, સોના ચાંદી ની દુકાનો, મીઠાઈની દુકાનોમાં વેપારીઓ ગ્રાહકોને જોતા બેસી રહ્યા છે. કોરોનાને લઈને લોકો ના વ્યાપાર ધંધા ઉદ્યોગો બંધ થઈ જતા ભારે આર્થિક સંકળામણ અનુભવી રહેલા શહેરી જણાય તહેવારોમાં ખરીદી કરવાનું ટાળ્યું હોય તેવો ઘાટ થયો છે.

માર્ચ મહિના ના અંતમાં કોરોના ને કારણે દેશભરમાં લોક ડાઉન કરી દેવામાં આવ્યું હતું જેને લગભગ ૭૦ દિવસ સુધી દેશભરમાં બજારો બંધ રહ્યા હતા. આ પરિસ્થિતિમાં દેશના અર્થતંત્રને ભારે નુકસાન થયું છે લોકોના વેપાર-ધંધા ઉદ્યોગો પડી ભાંગ્યા છે.સરકારી કર્મચારી સિવાયના કર્મચારીઓના પગારમાં કાપ આવ્યો હોવાનો તેમજ સમયસર પૂરતો પગાર નહીં થયો હોવાને કારણે તેઓ આર્થિક સંકડામણ અનુભવી રહ્યા છે. લોકો આર્થિક સંકડામણમાં હોવાને કારણે હવે ખુલેલા બજારોમાં પણ જાણે કે ગ્રાહકો જોવા જ મળતા નથી તેવો ઘાટ થયો છે. શ્રાવણ માસમાં રક્ષાબંધન થી તહેવારો શરૂ થઈ જતા હોય છે રક્ષાબંધનના આગળના દિવસોમાં તો તમામ બજાર અને માર્કેટ ગ્રાહકોથી જાણે કે ઉભરાઈ જતા હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. ત્યારે ચાલુ વર્ષે રક્ષાબંધન ની પૂર્વ સંધ્યા સુધી બજારો ખાલીખમ જોવા મળતા હતા. જેને કારણે વ્યાપારીઓ માં પણ ભારે નિરાશા જન્મી છે.

પ્રજાએ મારી પાસે ન આવવું પડે એ રીતે પોલીસ કામ કરશે : સંજય શ્રીવાસ્તવ

અમદાવાદ, તા. ૩

ગુજરાત રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાએ શહેર પોલીસ કમિશનર તરીકેનો ચાર્જ છોડીને સંજય શ્રીવાસ્તવને સોંપ્યો હતો. આજથી સંજય શ્રીવાસ્તવએ શહેર પોલીસ કમિશનર તરીકેનો કાર્યભાર સંભાળી લીધો અને લોકોને તેમની પાસે નહીં પણ તેઓ અને તેમની પોલીસ લોકો પાસે જઈને કામ કરશે તેવી રીતે કામગીરી કરવાની તૈયારી દર્શાવી હતી.

રાજ્ય પોલીસ વડા આશિષ ભાટિયાએ વિધિવત રીતે નવનિયુક્ત સંજય શ્રીવાસ્તવને શહેર પોલીસ કમિશનરનો ચાર્જ સોંપ્યો છે. ભાટિયાએ રાજ્ય વ્યાપી મિસિંગ ચાઈલ્ડની એક્ટિવિટી ઉપર કામગીરી કરવાની તૈયારી બતાવી છે. આ સાથે જ ક્રાઈમ કંટ્રોલ, ત્રાસવાદ તથા સ્લિપર સેલ જેવી બાબતોને પ્રાધાન્ય આપવાની વાત રાજ્ય પોલીસ વડાએ આજે કરી હતી. ઉપરાંત પૂર્વ ડીજીપી શિવાનંદ ઝા દ્વારા જે પ્રોજેક્ટો શરુ કરવામાં આવ્યા હતા તે તમામ પ્રોજેક્ટોને આગળ ધપાવવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું. આવનારા સમયમાં ગુજરાત પોલીસને અલગ મુકામે પહોંચાડવાના હેતુ સાથે રાજ્ય પોલીસ વડા આશિષ ભાટિયા પોતાની કામગીરીની શરૂઆત કરશે.

ચાર્જ લેતાની સાથે જ હવે અમદાવાદ શહેરને નવા પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ મળ્યા છે. આમ તો સ્વભાવે શાંત પ્રકૃતિ અને લો-પ્રોફાઈલ રહેવાની છબી સંજય શ્રીવાસ્તવ ધરાવે છે, સાથે જ કડક અધિકારીની છાપ પણ તેઓ ધરાવે છે.

રવિશંકર સેલ્ફ કોરેન્ટાઈન, અમિત શાહને મળ્યા હતા

દેશના ગૃહમંત્રી અમિત શાહના સંપર્કમાં આવેલા લોકોએ પોતાની જાતને આઈસોલેટ કરવા માટેની શરૂ કરી દીધી

નવી દિલ્હી, તા. ૩

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો ત્યાર બાદ કેન્દ્રીય મંત્રીઓએ પોતાની જાતને આઈસોલેટ કરી દીધા છે. કેન્દ્રીય માહિતી પ્રસારણ અને કાયદા મંત્રી રવિશંકર પ્રસાદ દ્વારા તેની શરૂઆત કરવામાં આવી છે. રવિશંકર પ્રસાદે પોતાની જાતને કોરેન્ટાઈન કરી દીધી છે કારણ કે શનિવારે સાંજે તેઓ અમિત શાહને મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો કોરોના રિપોર્ટ ગઈકાલે જ પોઝિટિવ આવ્યો છે.

ડોક્ટર્સની સલાહનુસાર તેઓ મેદાંતા હોસ્પિટલમાં ભરતી થઈ ગયા છે. ગૃહમંત્રી શાહે પોતે જ રવિવારે બપોરે ટ્વિટ કરીને આ જાણકારી આપી હતી. ત્યાર બાદ પાર્ટીના નેતાઓ સહિત સોશિયલ મીડિયા યુઝર્સે તેઓ જલ્દી સ્વસ્થ થઈ જાય તે માટે પ્રાર્થના કરી હતી. ગૃહમંત્રી અમિત શાહે ટ્વિટમાં લખ્યું હતું કે, 'કોરોનાના પ્રાથમિક લક્ષણો દેખાવા પર મેં ટેસ્ટ કરાવેલો અને રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મારી તબિયત સારી છે પરંતુ ડોક્ટર્સની સલાહનુસાર હોસ્પિટલમાં દાખલ થઈ રહ્યો છું. તમારામાંથી જેટલા પણ લોકો પાછલા કેટલાક દિવસોમાં મારા સંપર્કમાં આવ્યા હોય તે મહેરબાની કરીને સેલ્ફ ક્વોરેન્ટાઈન થઈ પોતાનો રિપોર્ટ કરાવે તેવી વિનંતી છે.'

રશિયામાં ઓક્ટોબરમાં પહેલા ડૉક્ટર્સ-શિક્ષકોને વેક્સિન અપાશે

ઓક્ટોબરથી માસ વેક્સિનેશનનો કાર્યક્રમ કરવામાં આવશે તેમજ કોરોનાની વેક્સીન અપાશે

મૉસ્કો, તા. ૩

દુનિયામાં જ્યાં સતત કોરોના વાયરસના નવા કેસ સામે આવી રહ્યા છે. અને જગત આખું તેની વેક્સિન બનાવાની શોધ કરી રહી છે તે વચ્ચે રશિયાએ એક મોટી જાહેરાત કરી છે. રશિયાએ કહ્યું છે કે તેમના દેશમાં ઓક્ટોબરથી જ માસ વેક્સીનેશનનો કાર્યક્રમ કરવામાં આવશે અને તમામ લોકોને કોરોનાની વેક્સીન આપવામાં આવશે. જો કે આ શ્રેણીમાં સૌથી પહેલા આ સેવા ડૉક્ટર્સ અને શિક્ષકોને આપવામાં આવશે. તે પછી ઈમરજન્સી સુવિધાથી જોડાયેલા લોકોને આ વેક્સીન આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વિશ્વ સ્વાસ્થય સંગઠને આવતા વર્ષ સુધી વેક્સિન ન મળવાની વાત કહી હતી જેમાં રશિયાએ આ જાહેરાત કરીને દુનિયાભરના લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા છે. રશિયાના સ્વાસ્થય મંત્રી મિખાઈલ મુરાશકોએ રવિવારે એક પ્રેસવાર્તા કરીને આ અંગે જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ઓક્ટોબરથી કોરોનાની વેક્સીનને માસ વેક્સીનેશન દ્વારા લોકોને આપવામાં આવશે. સાથે જ આ વેક્સીન સૌથી પહેલા શિક્ષક અને ડોક્ટરને અપાશે. હાલ આ વેક્સીન રજિસ્ટ્રેશન અને ડિસ્ટ્રીબ્યૂશનની પ્રોસેસમાં છે.

પંચમહાલમાં માતાએ બાળકને દીપડાના મોઢામાંથી છોડાવ્યો

વડોદરા, તા. ૩

પંચમહાલ જિલ્લાના એક ગામમાં માતાએ બાળકને દીપડાના મોંમાંથી બચાવ્યો હોવાની ઘટના બની છે. રવિવારે બનેલી ઘટનામાં એક દીપડાએ બે વર્ષના બાળક પર હુમલો કર્યો હતો જેમાં બાળકની માતાએ અભૂતપૂર્વ હિંમત બતાવી હતી અને જોરદાર લડત બાદ બાળકને દીપડાના જડબામાંથી છોડાવ્યો હતો, જે પછી ઈજાગ્રસ્ત બાળકને વડોદરાની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી અનુસાર પંચમહાલ જિલ્લાના ઘોઘામ્બા તાલુકામાં રવિવારે સવારે જ્યારે એક બાળક પોતાના ઘરના રુમમાં સૂતો હતો ત્યારે જ એક દીપડો આવી પહોંચ્યો અને તેણે બાળકના માથાને પોતાના જડબાથી પકડવાની કોશિશ કરી હતી. બાળકના રડવાનો અવાજ સાંભળીને માતા ત્યાં પહોંચી હતી.

૪૫ વર્ષમાં પ્રથમવાર અંતરિક્ષ યાત્રીનું સમુદ્રમાં ઉતરાણ કરાયું

સ્પેસ એક્સને સફળતા મળતા વિજ્ઞાનીઓમાં ખુશી : કેપ્સ્યુલ દ્વારા ગયેલા નાસાના બે વિજ્ઞાની પૃથ્વી પર પરત

કેનકેનવેરલ, તા. ૩

સ્પેસ એક્સનું ડ્રૈગન ક્રૂ કેપ્સ્યુલ સફળતાપૂર્વક ધરતી પર પાછું ફર્યું છે. આ કેપ્સ્યુલ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનમાંથી શનિવારે સાંજે ૭:૫૪ કલાકે પૃથ્વી તરફ રવાના થઈ હતી. માહિતી મળ્યા મુજબ ફ્લોરિડાના કિનારાથી થોડા કિમી દૂર આ કેપ્સ્યુલે સમુદ્રમાં સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું હતું. ત્યાર બાદ ઘટના સ્થળે પહોંચી ગયેલી સ્પેસએક્સ અને નાસાની ટીમે કેપ્સ્યુલને સમુદ્રમાંથી બહાર કાઢી હતી. તેના દ્વારા અંતરિક્ષમાં ગયેલા નાસાના બે અંતરિક્ષ યાત્રી ધરતી પર પરત આવ્યા છે. અંતરીક્ષ યાત્રી બોબ બેહ્નકેન (૪૯) અને ડગ્લસ હર્લી (૫૩)ની તપાસ કરવામાં આવી હતી અને તેઓ સ્વસ્થ જણાયા છે. ધરતી પર ઉતરાણના એક કલાક કરતા પણ વધુ સમય બાદ બંનેને કેપ્સ્યુલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. અમેરિકાએ ૪૫ વર્ષમાં પ્રથમ વખત અંતરીક્ષ યાત્રીઓને સમુદ્રમાં સીધા ઉતાર્યા છે. ફ્લોરિડાના તટીય ક્ષેત્રોમાં ઈસાયા વાવાઝોડાનું જોખમ હોવા છતાં તેમણે પોતાનું મિશન ચાલુ રાખ્યું હતું. યાનના ઉતરાણ માટે એક કે બે નહીં પણ સાત અલગ અલગ જગ્યા નક્કી કરવામાં આવી હતી પરંતુ તે મેક્સિકોની ખાડીમાં ઉતરાણ કરશે તેની સંભાવના વધારે હતી. ૦૧૧ બાદ અમેરિકાએ પ્રથમ વખત કોઈ માનવ મિશન અંતરીક્ષમાં મોકલ્યું હતું. નાસાએ કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી ૩૦ મેના રોજ આ મિશન રવાના કર્યું હતું. અંતરીક્ષ યાત્રીઓ ૩૧મી મેના રોજથી જ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર ઉપસ્થિત હતા. તે સમયે તેમણે અંતરીક્ષમાં ફરવા સિવાય પણ અનેક પ્રયોગ કર્યા છે.

પંજાબમાં નકલી દારુ પીવાની ઘટનાનો મૃતાંક ૧૧૨ થયો

પરિવારજનો દ્વારા ઓટોપ્સી રિપોર્ટમાં વિલંબ થઈ રહ્યાના આરોપો લગાવાઇ રહ્યા છે

ચંદીગઢ, તા. ૩

પંજાબમાં નકલી દારુ પીવાની દુર્ઘટનામાં મૃતકોની સંખ્યા વધીને ૧૧૨ થઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ અનુસાર તરનતારણમાં ૨૫ વધુ મોત અને અમૃતસરમાં વધુ એક મોત સાથે કુલ આંકડો ૧૧૨ થઈ ગયો છે. રાજ્યમાં બુધવારે રાત્રે સર્જાયેલી દુર્ઘટનામાં હમણાં સુધી ૮૮ લોકોના મોત થયા છે, અહીંયા છ લોકોની સારવાર સિવિલ હોસ્પિટલમાં ચાલી રહી છે. જ્યારે બે પીડિતોને સારવાર અર્થે અમૃતસરની ગુરુ નાનક દેવ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. ઝેરીલી દારુ પીવાથી બિમાર થયેલા લોકોનું કહેવું છે કે જ્યારથી તેમણે દારુ પીધો છે,ત્યારથી તેમને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તરનતારણના ડેપ્યુટી પોલીસ કમિશનર કુલવંતસિંહે ફોન પર કહ્યું કે ત્યાં ક્ષેત્રથી મળેલી જાણકારીના આધાર પર વહીવટી તંત્રે મૃતકોનો આંકડો ૭૫ ગણાવ્યો છે,કારણ કે છેલ્લા કેટલાક દિવસોમાં મૃતકોના અંતિમ સંસ્કાર તેમના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યા છે.

કલોલ સીંદબાદ હોટલ પાસેથી ટ્રકમાંથી ૫૦૦ પેટી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૩

કલોલ સીંદબાદ હોટલ પાસેથી ટ્રકમાં ભુસાની આડમાં લઈ જવાતો ૫૦૦ પેટી દારુ કલોલ શહેર પોલીસે પકડી પાડ્યો છે. મહેસાણા થી અમદાવાદ લઈ જવાતો રૂ. ૨૫ લાખના દારુ સાથે પોલીસે બે શખ્સોને પકડી પાડી ટ્રક સહિત કુલ રૂ. ૩૨,૯૫,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી પોલીસે પ્રોહીબીશનની પ્રવૃતિઓ સંપૂર્ણ પણે નેસ્તનાબુદ કરવા કવાયત હાથ ધરી છે. ત્યારે કલોલ પીઆઈ કે.કે.પટેલના માર્ગદર્શન હેઠળ શહેર પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં હતી તે સમયે પો.કો.બાબરભાઈને બાતમી મળી હતી કે રાજસ્થાન પાર્સિંગનો આર.જે.૫૦.જી.એ.૨૪૩૭ નંબરનો ટ્રક મહેસાણા થી અમદાવાદ તરફ જવાનો છે. જેને પગલે સેકન્ડ પીઆઈ ઓ.બી.મજગુલે ટીમ સાથે વોચ ગોઠવીને સીંદબાદ હોટલ પાસેથી ટ્રકને પકડી પાડ્યો હતો.પોલીસે ટ્રકમાં બેઠેલા બે શખ્સો રાજસ્થાનના ફલોદીના સંતોષકુમાર રાજુરામ બિશ્નોઈ તેમજ અનોપારામ ભવરલાલ બિશ્નોઈ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ટ્રકમાં તપાસ કરતા ડાંગરના ભુસાની દારુનો મોટો જથ્થો હાથ લાગ્યો હતો.

પોલીસે રૂ.૨૫.૮૦ લાખની કિંમતની ૫૦૦ પેટી માં ભરેલી દારુની ૬ હજાર બોટલ રૂ. ૭ લાખની કિંમતનો ટ્રક, ૧૦,૫૦૦ ની કિંમતના ત્રણ મોબાઈલ, ૪૯૦૦ રોકડા, તેમજ ડાંગરના ભુસાની ૨૭૬ થેલીઓ મળી કુલ રૂ. ૩૨.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

૧૮ કેસ

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

તંત્રએ આ તાલુકામાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

કલોલ તાલુકામાંથી આજે વધુ ૭ કેસ મળી આવ્યા છે. જેમાં ૩ કેસ કલોલ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે જ્યારે ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના પાનસર ગામેથી ૪૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત રકનપુર ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે જેને લઈ તંત્ર ચોંકી ઉઠ્યુ છે. અમદાવાદથી નજીક આવેલ આ ગામ કોરોના માટે હોટસ્પોટ ના બને તે માટે તંત્રએ અહિ સઘન સર્વેલન્સ ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોનના અસરકારક અમલીકરણ માટેની સૂચનાઓ આપી છે.

બાલવા ગામેથી ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બનમાંથી જે ૩ કેસ મળી આવ્યા છે. જેમાં બે મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે અર્બન-૧ માંથી એક ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન વિસ્તારમાંથી બે મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આજે નોંધાયેલા દર્દીઓને હોસ્પિટલાઈઝ્ડ કરવાની તંત્રએ કામગીરી હાથ ધરી છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૨૨૫ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં હાલ ૧૭,૭૫૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

૭ કેસ નોંધાયા

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

અમદાવાદની કિડની હોસ્પિટલની પણ મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨૫ માંથી આજે એક માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે પુત્ર પાણી પુરવઠા વિભાગમાં ઈજનેર તરીકે સેવા આપી રહ્યો છે. જ્યારે માતા ગૃહીણી છે. તંત્રએ આ બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. આ દર્દીઓના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

પ્રાઈવેટ કન્સ્ટ્રક્શનનો ધંધો કરતા અને સે. ૨ માં રહેતા એક ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

રાજકોટ ખાતે બેંક મેનેજર તરીકે નોકરી કરતા એક ૨૯ વર્ષીય યુવક જે સે. ૨૭ માં રહે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જે તંત્રએ મંજૂર રાખેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સના આદેશો આપ્યા છે. હાલ ૧૨૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં હોમ આઈસોલેશનમાં રહેલા ૪૫ જેટલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં નોંધાયેલા કેસો પૈકી ૩૭૮ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

અયોધ્યામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંકળાયેલા મુખ્ય લોકો અને બહારના સંતો અને મહાત્માઓ અને મહેમાનો અને ઉદ્યોગના લોકો એક સાથે ૫૦ લોકોને મૂકવામાં આવ્યા છે. કોરોના સમયગાળાને કારણે, રામ મંદિરના ભૂમિપૂજનમાં ભીડ ઓછામાં ઓછી રાખવામાં આવશે. આથી જ ભૂમિપૂજન કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. અયોધ્યા પ્રજાને ભૂમિપૂજન કાર્યક્રમની ટિપ્પણી સાંભળવા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધન કરવા માટે શહેરભરમાં લાઉડસ્પીકરો લગાવવામાં આવ્યા છે. અયોધ્યામાં રામ મંદિરનો ભૂમિપૂજન કાર્યક્રમ ૩ ઓગસ્ટથી શરૂ થશે. ફૂલોથી આખા શહેરને સજ્જ કરવા માટે રસ્તાની બાજુમાં ટેન્ટેડ લોખંડની પાઈપો લગાવવામાં આવી રહી છે. આ લોખંડની પાઈપો પર ફૂલોના માળા અને દોરા લગાવવામાં આવી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ખુદ રામ મંદિરના ભૂમિપૂજન કાર્યક્રમમાં ભાગ લેવા જઈ રહ્યા છે. આ માટેની તૈયારીઓનું સ્તર પણ છે. શહેરના રસ્તાઓની પણ મરામત કરવામાં આવી રહી છે. રસ્તાઓનાં ખાડાઓ ભરીને તેમનું સુંદરકરણ કરવામાં આવી રહ્યું છે. શહેરના ઘણા રસ્તાઓ ઝડપી ગતિએ દોડી રહ્યા છે અને તેનું સમારકામ અને સજ્જ કરવામાં આવી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આગમન અને આતંકવાદી હુમલોની અપેક્ષાએ અયોધ્યામાં સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવી રહ્યો છે. વિવિધ સ્થળોએ બેરીકેડીંગ કરવામાં આવ્યું છે અને પોલીસ તેમજ કેન્દ્રીય સુરક્ષા દળના જવાનો પણ અયોધ્યાની સુરક્ષા કરી રહ્યા છે. આખું શહેર મજબૂત બનાવવામાં આવ્યું છે અને દરેક ચોકડી પર સૈનિકો ગોઠવી દેવામાં આવ્યા છે. અયોધ્યાને વધુ સુંદર બનાવવા અને રામ મંદિરના શિલાન્યાસને ઐતિહાસિક અને યાદગાર બનાવવા માટે તમામ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. મંદિર સંકુલની આજુબાજુના મકાનો, મંદિરો અને અન્ય ઈમારતોની દિવાલો સુંદર પેઈન્ટિંગ કરવામાં આવી રહી છે. દિવાલો પર અનેક જગ્યાએ કળા પણ બનાવવામાં આવી છે.

કેસ ઘટે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે સોમવારે સવારે કોરોનાના આંકડા જાહેર કર્યા હતા. જેના પ્રમાણે, દેશમાં અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૧૮ લાખ ૩ હજાર ૬૯૬ થઈ ચુકી છે. જેમાંથી ૫ લાખ ૭૯ હજાર ૩૫૭ સક્રિય કેસ છે. સાથે જ અત્યારસુધીમાં ૧૧ લાખ ૮૬ હજાર ૨૦૩ લોકો સાજા થઈ ચુક્યા છે. જે એક રાહત સમાન કહી શકાય. દેશમાં અત્યાર સુધી ૩૮ હજાર ૧૩૫ લોકોના મોત થઈ ચુક્યા છે.

દરમ્યાનમાં , ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે સોમવારે જણાવ્યું કે, દેશમાં ૨ ઓગસ્ટ સુધી બે કરોડ ૨ લાખ ૨ હજાર ૮૫૮ કોરોના ટેસ્ટ કરાયા છે. રવિવારે એક દિવસમાં રેકોર્ડ ૩ લાખ ૮૧ હજાર ૨૭ સેમ્પલની તપાસ કરાઈ છે.

ઉત્તરપ્રદેશ ભાજપના અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહ અને રાજ્યના જળશક્તિ મંત્રી ડો. મહેન્દ્ર સિંહ પણ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. મહેન્દ્ર સિંહને હોસ્પિટલ લખનઉમાં દાખલ કરવામાં આવ્યા છે. સાથે જ ભાજપના પ્રદેશ અધ્યક્ષ સ્વતંત્ર દેવ સિંહે પોતે ટ્વિટ કરીને કોરોના પોઝિટિવ હોવાની માહિતી આપી છે. ગઈકાલે દેશના ગૃહમંત્રી અમિત શાહ, કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા પણ કોરોના પોઝિટિવ જાહેર થયા હતા. શાહ હરિયાણાની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

જ્યારે એક અન્ય અહેવાલ પ્રમાણે, ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ ઓક્સફોર્ડની કોરોના વેક્સીનના ભારતમાં બીજા અને ત્રીજા તબક્કાના ટ્રાયલ માટે સીરમ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડિયાને મંજૂરી આપી દેવાઈ છે. એક સીનિયર અધિકારીએ જણાવ્યું કે, સબ્જેક્ટ એક્સપર્ટ કમિટિએ તમામ પ્રકારની આકારણી પછી આ મંજૂરી આપી દીધી છે. બ્રિટનમાં ઓક્સફોર્ડની વેક્સીનના ૫ જગ્યાએ ચાલી રહેલા ટ્રાયલના પહેલા તબક્કામાં સકારાત્મક પરિણામ સામે આવ્યા છે. આનાથી લોકોમાં એન્ટી બોડીમાં વધારો જોવા મળ્યો છે.

હેલ્થ કાર્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નેશનલ હેલ્થ ઓથોરિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઈંદુ ભુષણે કહ્યું કે, એનડીએચએમના અમલીકરણથી આરોગ્ય સેવાના વિતરણની કાર્યક્ષમતા, અસરકારકતા અને પારદર્શિતામાં નોંધપાત્ર સુધારો થવાની તેમજ નાણાકીય જોખમ સંરક્ષણ સહિત યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ૩.૮ ની સાર્વત્રિક આરોગ્ય કવચની સિદ્ધિ તરફ ભારતની પ્રગતિને વેગ મળશે તેવી અપેક્ષા છે'.

ભારતની ચેતવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અજીત ડોભાલ અને ચીની વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે પણ બે કલાક ટેલીફોનીક વાતચીત થઈ હતી. આ વચ્ચે સેનાને પૂર્વ લદાખમાં ચીનની સાથે સીમા વિવાદનું સમાધાન જલ્દી આવે તેવા કોઈ સંકેત નથી મળી રહ્યા. ચીની સેનાએ હવે અન્ય સ્થળો પર પોતાની નજર ટકાવી છે. જો કે થોડા સમયમાં શિયાળાની શરૂઆત થતા આટલા દુર્ગમ સ્થળો પર સૈનિકોને તેનાત કરવા તે પણ એક મુશ્કેલ સવાલ બનીને ઊભો રહેશે. તેમ છતાં આ તમામ વિસ્તારોમાં શિયાળામાં હથિયાર અને ટેક્ર સમેત સૈનિકો હાજર રહે તેવી તૈયારી શરૂ કરવામાં આવી છે. અને આ મામલે થલસેનાના પ્રમુખ જનરલ એમએમ નરવણે, રક્ષામંત્રી રાજનાથ સિંહને સતત જાણકારી આપી રહ્યા છે.